રે.દિ.મુ.નં.૩૯/૨૦૨૪

**-: આંક-૫ નીચે હુકમ:-**

(૧) સાંભળ્યા,અરજી વંચાણે લીધી.

અરજી તથા ડી--લીસ્ટ માર્ક-૪/૧ થી ૪/૦૮ વંચાણે લીધા તથા લક્ષમાં લીધા.

(૨) હાલના આ કામે પ્રતિવાદી નં.૧ તરફે આંક- ૧૦ થી જવાબ રજુ છે.

(૩) આ કામના વાદી તરફે આંક-૩૩ થી લેખિત દલીલ રજુ રાખેલ છે તથા આ કામનાં પ્રતિવાદી તરફે આંક-૩૫ લેખિત દલીલ રજુ રાખેલ છે. જે લક્ષમાં લીધી, વંચાણે લીધી.

(૪) આ અરજી નકકી કરવા માટે ત્રણ મુદાથી આ અરજી નકકી કરવા માટે જરૂરી છે જે નીચે મુજબ છે.

(૧) શું વાદી સાબીત કરે છે કે, તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું વાદી સાબીત કરે છે કે, તેઓને નાણાંથી પણ ન ચુકવાઈ તેવું નુકશાન થાય તેમ છે ?

(૩) શું વાદી સાબીત કરે છે કે, ન્યાયની સમતુલા તેઓની તરફેણમાં છે ?

(૫) ઉપરોકત મુદ્દાના જવાબ નીચે મુજબ છે.

જવાબ ૧. નકારમાં.

જવાબ ૨. નકારમાં.

જવાબ ૩. નકારમાં.

(૬) ઉપરોકત ત્રણે મુદ્દાઓની ચર્ચા રીપીટેશન ન થાય તે હેતુથી આ ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

(૭) હાલના આ કામે વાદીએ દાવો દાખલ કરતા સાથે વચગાળાના મનાઈ હુકમની અરજી દાખલ કરેલ છે અને ધોરણસરની બજવણી થયેલ છે જવાબ રજુ રાખેલ નથી.

(૮) હાલની આ અરજી સ્પેસીફીક રીલીફ એકટ અન્વયેની છે. એટલે આ કામમાં જયારે સ્પેસીફીક રીલીફ એકટ અંગેની દાદ માંગવામાં આવેલ હોય તો દાવાનું ડ્રાફટીંગ અને પ્લીડીંગ પણ સ્પેસીફીક હોવું ફરજીયાત છે. નામદાર સુપ્રિમ કોર્ટે સીવીલ એપેલેટ જયુરીડીકશન **સીવીલ અપીલ નં.૫૭૯૮--૫૭૯૯–૨૦૦૮** માં ઠરાવેલ છે કે, જયારે સ્પેસીફીક રીલીફ એકટ અન્વયેની અરજીનું જે ડ્રાફટીગ અને પ્લીડીંગ પણ સ્પેસીફીક હોવું જોઈએ. સ્પેસીફીક રીલીફ એકટ અન્વયેની અરજીમાં સ્પષ્ટપણે જણાવવું પડે કે તેઓનો નાંણાથી પણ પુરું ન થાય તેવું નુકશાન અંગે પણ કેવી રીતના કેટલું અને કેવા સં

જોગોમાં તેઓને નાંણાથી પણ પુરું ન થાય તેવુ નુકશાન અંગેની વિગતવાર ચર્ચા અરજીના ડ્રાફટીંગમાં હોવી જોઈએ અને સ્પેસીફીક રીલીફ એકટ અન્વયેની અરજી હોય તો જે તે રીતે તેઓને નુકશાન જાય તેમ હોઈ તે તમામ હકીકત વિગતવાર અને સ્પષ્ટ રીતે જણાવવી જોઈએ.

(૦૯) હાલની આ અરજી સ્પેસીફીક રીલીફ એકટ અન્વયેની છે અને સ્પેસીફીક રીલીફ એકટ અન્વયે ઉપર કરેલ ચર્ચા મુજબનું કે જે નામદાર સુપ્રીમ કોર્ટે સીવીલ એપેલેટ જ્યુરીસ્ડીક્શન સીવીલ અપીલ નં.૫૭૯૮-૫૭૯૯-૨૦૦૮ માં જણાવ્યાનું ડ્રાફટીંગ અને પ્લીડીંગ નથી. જેથી હાલની આ અરજીનું ડ્રાફટીંગ સ્પેસેફીક રીલીફ એકટ મુજબનું ન હોઈ આ અરજી ટેનેબલ નથી.

(૧૦) આ કામે વાદી વચગાળાના મનાઈહુકમની અરજી લાવેલ છે. આ કામમાં વાદીની મનાઈહુકમની આ અરજીના ડ્રાફટીંગમાં મનાઈહુકમ તેઓને ન આપવાથી તેઓને શુ હાર્ડશીપ થવાની છે તેની નામમાત્ર પણ ચર્ચા કરેલ નથી. વધુમાં તેઓનો કેસ પ્રથમ દર્શનીય છે તે બાબતે પણ સ્પષ્ટ પ્લીડીંગ અને ડ્રાફટીંગ નથી અને ન્યાયની સમતુલા તેઓની તરફેણ માં છે તે બતાવવા માટે પણ કોઈ ડ્રાફટીંગ અને પ્લીડીંગ સ્પષ્ટ નથી.હાલની આ અરજી સ્પેશીફીક

રીલીફ એકટ અન્વયેની અને સમન્યાયી દાદ માંગતી અરજી છે. એટલે કે, જયારે આવી વિશિષ્ટ પ્રકારની દાદ માંગતી અરજી હોય ત્યારે અને તેવા સંજોગોમાં હાર્ડશીપ અંગેની ચર્ચા વાદીએ ફરજીયાત કરવી જોઈએ જે આ કામમાં કરેલ નથી.

(૧૧) હાલના આ કામે અરજદારે તેઓની અરજીમાં નીચે મુજબની દાદ માં મોજે ભેરૂન્ડા તાલુકો મોડાસા ની સીમના સર્વે નં .૨૬૧ પૈકી ૧ ની જમીન માં આવેલ કોલ્ડ સ્ટોરેજ બાબતે પ્રતિવાદી એ તા.૧૫/૭/૨૪ તારીખ ૨૩/૭/૨૪ અને તા.૧૬/૮/૨૪ ના રોજ આપેલ નોટીસ માં જણાવેલ હકીકતો અમે વાદી ના હક હિત વિરૂધ્ધ ની જાહેર કરી નોટીસ અમો વાદી ને કબુલ બંધનકર્તા ન હોવાનુ ઠેરવી પ્રતિવાદી એ આપેલા તમામ નોટીસો ખોટી અને ગેરકાયદેસર જાહેર કરશોજી.વધુમાં પ્રતિવાદી એ આપેલ નોટીસ નો અમલ પ્રતિવાદી ના અધિકારી માણસો,એજન્ટો મારફતે કરે કરાવે નહી તેમજ તેવુ કંઈપણ કૃત્ય કરે કરાવે નહી તેવો કાયમી તથા જાથુનો મનાઈ હુકમ પ્રતિવાદી ને આપી અમો વાદી ના લાભ માં હુકમનામુ કરી આપવા અરજ કરેલ છે.

આ કામે આંક-૫ ની દાદ લક્ષ માં લેવામાં આવે તો તેમાં જણાવ્યા મુજબ મોજે ભેરૂન્ડા તાલુકો મોડાસા ની સીમના સર્વે નં.૨૬૧ પૈકી ૧ ની જમીન માં આવેલ કોલ્ડ સ્ટોરેજ બાબતે પ્રતિવાદી એ તા.૧

૫/૭/૨૪ તારીખ ૨૩/૭/૨૪ અને તા.૧૬/૮/૨૪ ના રોજ આપેલ નોટીસનો અમલ પ્રતિવાદી તેમના અધિકારી માણસો,એજન્ટો મારફતે કરે ,કરાવે નહી તેમજ તેવુ કંઈપણ કૃત્ય કરે કરાવે નહી તેવો કામ ચલાઉ મનાઈહુકમ પ્રતિવાદી ને આપશોજી.

આમ ઉપર મુજબની વચગાળાની દાદ માંગેલ છે. આ કામે દસ્તાવેજી પુરાવો લક્ષ માં લેવામાં આવે તો તેમાં ૪/૪ માં જણાવ્યા મુજબ ની વિગત તથા ૪/૬ થી આપેલ સ્ટેચ્યુટરી નોટીસ તથા તારીખ ૨૩/૭/૨૪ ના રોજ જાવક નં .એમ/૦૭/૨૨૫૨/સને ૨૦૨૪ તારીખ ૨૩/૭/૨૪ ના રોજની નાયબ કાર્યપાલક ઈજનેર મોડાસા ની સહી થી જણાવ્યા મુજબ એમ.એસ.કોલ્ડ સ્ટોરેજ નુ મોડાસા –કોલવાડા–ભેરુન્ડા રોડ પર આવેલ માર્ગ અને મકાન વિભાગ ની હદ માં વે–બ્રિજ બનાવેલ છે તે દુર કરવા જણાવેલ છે અને તેમાં એ પણ જણાવેલ છે કે તા.૨૫/૧/૧૬ ના પત્ર થી અભિપ્રાય આપેલ તેમાં શરતચુકથી આર.ઓ.ડબલ્યુ ૧૨ મીટર દર્શાવેલ છે જે ખરેખર ૧૮ મીટર છે તથા આપના અસિલ દવારા જે નકશો રજુ કરેલ છે તેમાં રસ્તાની મધ્યરેખાથી ૩૫ મીટર સુધી નકશામાં કોઈ જ બાંધકામ દર્શાવેલ નથી અને અત્યારે હયાત આપના દવારા રસ્તાની મધ્યરેખાથી ૬.૦૦ મીટર વે–બિજનુ બાંધકામ કરેલ

છે અને આ બાંધકામ દુર કરવા માટેની જાણ કરેલ છે અને માર્ચ ૪/૮ થી આ દબાણ દુર કરવાની નોટીસ આપેલ છે એટલે કે આ જગ્યા સરકાર ને અડચણ રૂપ થતી હોય તે દુર કરવા માટેની અને જાહેર માર્ગ પર અડચણ થાય તેવી હકીકતો રેકર્ડ પરથી જણાઈ આવતી હોય તે દુર કરવા માટે કાર્યપાલ ઈજનેર શ્રી એ નોટીસ આપેલ છે એટલે કે જાહેર માર્ગ તે ઘણા લોકોના હિત સમાયેલ હોય છે અને નિયમ મુજબની જયાં રોડ ઉપર અવરજવર હોય ત્યાં તે રોડની આજુબાજુની જગ્યા નિયમ મુજબ છોડવાની હોય છે અને માત્ર શરતચુક થયેલ છે તેટલા કારણથી મનાઈ હુકમ વચગાળા નો આપી શકાય નહી કારણ કે તેમાં તે માર્ગ પર અવરજવર વાળા ના હિત નો વિચાર કરી ને સરકારના અધિકૃત અધિકારી એ નોટીસ આપેલી છે જે નકારી શકાય નહી.વધુમાં વચગાળા ના મનાઈ હુકમ નો હુકમ તે અપીલ પાત્ર છે અને સ્વાભાવિક છે કે તેને ડ્રાફટીંગ અને પ્લીડીંગ નુ સ્પેસીફીક તેનો પ્રથમ દર્શનીય કેસ છે તે દર્શાવવુ પડે અને કઈ રીતે પ્રથમ દર્શનીય કેસ છે તે રેકર્ડ પર લાવુ જોઈએ અને વધુમાં સ્પેસીફીક અરજી નુ ડ્રાફટીંગ મા પણ તેઓને કઈ રીતે નાણા થી પણ ન પુરાય તેવુ નુકસાન છે તેવુ ડ્રાફટ કરવુ પડે અને આવી હકીકત રેકર્ડ પર લાવવી પડે.વધુમાં ન્યાયની સંમતુલા તેઓની તરફેણ માં છે અને કઈ

રીતે ન્યાયની સંમતુલા તેઓની તરફેણ માં છે તેવુ સ્પેસીફીક ડ્રાફટીંગ અરજી માં હોવુ જોઈએ જે હાલની આ અરજી માં જણાઈ આવતુ નથી.વધુમાં આ કામે વાદી રેકર્ડ પર લાવી શકયા નથી કે તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે. નાણા થી પણ ન પુરાય તેવુ નુકશાન થાય તેમ છે અને ન્યાય ની સંમતુલા તેઓની તરફેણ માં છે આમ ત્રણેય મુદદા વાદી સાબીત કરતા ન હોય મુદદા નં. ૧ થી ૩ નો જવાબ નકાર માં આપુ છુ અને ન્યાયના વિશાળ હિત માં નીચે મુજબ હુકમ કરુ છુ.

**- : હુકમ : -**

(૧) હાલની આ અરજી નામંજુર કરુ છુ.

(૨) ખર્ચ દાવાના આખરી નિર્ણયને અનુસરશે.

આ હુકમ આજ રોજ તા.**૦૯ મી,** માહે જાન્યુઆરી **,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

(મનોજ શંભુપ્રસાદ દવે)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
મોડાસા.
Judge Code No.GJ-00760

તા.૦૯/૦૧/૨૦૨૬
સ્થળ:-મોડાસા.

Seen
A2VC
C.V.Chauhan